# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited **Grade A** by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ – ૩૬૦ ૦૦૫

નં.એકે/MCQ/૬૩૪/૨૦૧૬ તા. ૨૨-૬-૨૦૧૬

પરિપત્રઃ–

આથી યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા સર્વે સંબંધિતોને સવિનય જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી સેમેસ્ટર એન્ડ પરીક્ષાઓના પ્રશ્નપત્રના માળખામાંથી MCQ પ્રકારના પ્રશ્નો પુછવાની જોગવાઈ રદ કરવા સંદર્ભે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૧૦–૨૦૧૫ની સભાના કામકાજ ક્રમાંક '૧૮૭'થી તમામ વિદ્યાશાખાઓની વિચારણા અર્થે રજુ કરી તે પરત્વે ભલામણ મેળવવા ઠરાવ કરેલ. તદઅન્વયે વિદ્યાશાખાઓ તરફથી કરવામાં આવેલ ભલામણોને ધ્યાને લઈ માન. કુલપતિશ્રીએ, એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ, જુન–૨૦૧૬ પછીથી લેવાનાર યુનિવર્સિટીની સેમેસ્ટર એન્ડ પરીક્ષાઓ (રેગ્યુલર, એક્સટર્નલ, રિપીટર અને વાર્ષિક પધ્ધતિ)ના તમામ પ્રશ્નપત્રોમાંથી એમ.સી.ક્યુ.પ્રકારના પ્રશ્નો સેટ કરવાની (પુછવાની) જોગવાઈ રદ કરવા મંજુરી આપેલ છે. પરંતુ જયાં સેન્ટ્રલ રેગ્યુલેટરી સ્ટેચ્યુટરી કાઉન્સિલની જોગવાઈ મુજબનું પ્રશ્નપત્રોનું માળખું નિયત થયેલ હોય તેવા કિસ્સામાં એમ.સી.ક્યુ. પ્રશ્નોની જોગવાઈ જેમની તેમ યથાવત અમલમાં રાખવાની રહે છે. જેની ખાસ નોંધ લેવા તથા ઉપર મુજબ અમલ કરવા વિનંતી.

(ડો. ધીરેન ડી. પંડયા)
I/C. કુલસચિવ

રવાના કર્યુ

વિભાગીય અધિકારી
(એકેડેમિક વિભાગ)

પ્રતિ,

(૧) યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ અને માન. સંસ્થાઓના વડાઓ..
(૨) સર્વે વિદ્યાશાખાના ડીનશ્રીઓ..
(૩) સર્વે અભ્યાસ સમિતિના ચેરમેનશ્રીઓ..

<u>નકલ સાદર રવાના :–</u>

૧. માન. કુલપતિશ્રી/ માન. કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી
૨. પરીક્ષા નિયામકશ્રી ( ૮ નકલ )
૩. સંબંધિત વિભાગના વડાઓ
૪. ડાયરેકટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર (વેબ સાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા અર્થે) (સીડી સહિત)